# <u>રક્ષા શક્તિ યુનિવર્સિટી</u>

## કરાર આધારિત અંગ્રેજી સ્ટેનોગ્રાફરની જગ્યા માટેના લાયકાતના ધોરણો.

**વય મર્યાદા :-**

- ઉમેદવાર ૧૮ વર્ષ થી વધુ વય ધરાવતો હોવો જોઈએ.

**શૈક્ષણિક લાયકાત :-**

- ઉમેદવાર નીચે દર્શાવેલ વિગત અનુસાર શૈક્ષણિક લાયકાત ધરાવતો હોવો જોઈએ .

(૧) ઉમેદવાર ભારતની સંસદ કે રાજ્ય વિધાનસભાના કાયદા હેઠળ સ્થાપિત કોઈપણ યુનિવર્સિટી કે સંસદના એક્ટ દ્વારા સ્થાપિત શૈક્ષણિક સંસ્થા અથવા યુ.જી.સી. એક્ટ, ૧૯૫૬ના સેક્શન ૩ હેઠળ પ્રસ્થાપિત થયેલ યુનિવર્સિટીમાંથી ૫૫% (ટકા) સાથેની સ્નાતક કક્ષાની શૈક્ષણિક ડિગ્રી અથવા સરકાર માન્ય સમકક્ષ પરીક્ષા ૫૫% (ટકા) સાથે ઉતિર્ણ કરેલ હોવા જોઈએ.

(૨) ઉમેદવાર G.C.C. ની અંગ્રેજી ભાષાની પરીક્ષામાં પ્રતિ મિનિટ ૧૦૦ શબ્દની લઘુ લેખન ઝડપ ધરાવતા સર્ટિફિકેટ હોવા જોઇએ.

(૩) ઉમેદવાર પ્રતિ મિનિટ ૪૦ શબ્દ અંગ્રેજી ભાષાના ટાઇપ કરવાની ઝડપ ધરાવતા હોવા જોઇએ.

(૪) ઉમેદવારને કોમ્પ્યુટરમાં M.S.Office અને ઈન્ટરનેટનું પુરતું જ્ઞાન હોવું જોઈએ.

**અન્ય લાયકાત :-**

- ઉમેદવાર અંગ્રેજી અને ગુજરાતી ભાષાનું પુરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈએ.

**કુશળતા કસોટી (Skill Test) :-**

- ઉમેદવારની ૫૦ (ગુણ)ની કુશળતા કસોટી (Skill Test) લેવામાં આવશે, ત્યારબાદ કસોટીમાં ઉતિર્ણ થયેલ ઉમેદવારની ઇન્ટરવ્યુ માટે પસંદગી કરવામાં આવશે. કુશળતા કસોટી અને ઇન્ટરવ્યુના ગુણ ના આધારે ઉમેદવારની આખરી પસંદગી કરવામાં આવશે.

**અનુભવ :-**

- અંગ્રેજી સ્ટેનોગ્રાફર તરીકેની કામગીરીનો ઓછામાં ઓછા <u>**૧ (એક)**</u> વર્ષનો અનુભવ ધરાવતાં ઉમેદવારને પસંદગીમાં પ્રાથમિકતા આપવામાં આવશે.

**પગાર :-** પ્રથમ કરાર આધારિત નિમણુંક માટે <u>**રૂ. ૧૫૦૦૦/-**</u> (રૂ.પંદર હજાર) પ્રતિ માસ.

**વિશેષ નોંધ** :- અંગ્રેજી સ્ટેનોગ્રાફર સંવર્ગના વોક-ઇન-ઇન્ટરવ્યુ દરમ્યાન જાહેરાતમાં દર્શાવેલ કુલ કરાર આધારિત ભરવાપાત્ર જગ્યાઓ(સંખ્યા) પૈકી એક પણ નહિ અથવા તો રક્ષા શક્તિ યુનિવર્સિટીની જરૂરિયાત મુજબની જગ્યા ભરવાનો અબાધિત અધિકાર રક્ષા શક્તિ યુનિવર્સિટીનો રહેશે.જે બાબતે કોઇપણ પસંદગી પામેલ કે પ્રતીક્ષા યાદીના ઉમેદવાર કોઇપણ જાતનો વાંધો ઉઠાવી શકશે નહિ તેમજ દાવો પણ રજુ કરી શકશે નહિ.